(તસવીર : કશ્યપ નિમાવત)

નગરને સ્વચ્છ બનાવવાનાં સ્વપ્નને સાકાર કરવાનાં પ્રયત્નને વેગ આપવા સે-૨૬ સૂર્યનારાયણ સોસાયટીનાં રહીશો અને ''એકસ સર્વિસમેન'' સંસ્થાના સભ્યો દ્વારા રવિવારે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

સોનારડાના યુવાનનું વડોદરા ગામમાં રહસ્યમય મૃત્યુ

પેનલ ડૉકટર દ્વારા પોસ્ટ મોર્ટમ કરાવાયું : મૃત્યુનું કારણ પેન્ડીંગ

ગાંધીનગર, તા.૨૭

જિલ્લાના દહેગામ તાલુકામાં સ્થિત સોનરડા ગામના ૩૫ વર્ષીય યુવાનનો વડોદરા ગામની સીમમાં સ્મશાન જતા માર્ગ પરથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવતા હત્યાના મેસેજ ફરતા થયા હતાં. ડભોડા પોલીસ મૃતદેહ પેનલ ડૉકટર દ્વારા પોસ્ટ મોર્ટમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે. મૃતકના શરીરે કોઈ ઈજાના નિશાન મળ્યા નથી અને મૃત્યુ આકસ્મિક થયું હોવાનું પોલીસનું પ્રાથમિક તબક્કે માનવું છે.

સોનારડા ગામમાં રહેતા ૩૫ વર્ષીય યુવાન અરજણજી શકરાજી ઠાકોરનો આજે બપોરના અરસામાં વડોદરા ગામની સીમમાં સ્મશાન જતાં માર્ગ પરથી મૃતદેહ મળી આવ્યો હતો. હત્યા થઈ ગઈ હોવાના મેસેજ ગામમાં ફરતા થયા અને ડભોડા પોલીસ બોલાવી લેવાઈ હતી. પીએસઆઈ પી.જે. સોલંકીએ ઘટના સ્થળે પહોંચી તપાસ કરી તો શરીર પર કોઈ ઈજાના નિશાન જોવા મળ્યા ન હતાં. દહેગામ સિવિલ હોસ્પિટલે મૃતદેહ લઈ જઈ પેનલ ડોકટર વડે પીએમ કરાવવામાં આવ્યું છે. જો કે પ્રાથમિક તબક્કે કંઈ શંકાસ્પદ ન હોવાનું પોલીસનું કહેવું છે. દર અઠવાડીયે અરજણજી ચાલતા ડભોડીયા હનુમાન મંદીર દર્શન કરવા જતાં હતાં. રસ્તામાં આકસ્મિક તબીયત લથડતા મૃત્યુ થયું હોવાનું માનવું છે. જો કે મૃત્યુનું સાચું કારણ પીએમ રીપોર્ટ આવ્યા બાદ બહાર આવશે.

(તસવીર : સમીર રામી)

તલોદ સ્નેહ ગ્રૂપનો ચોથો સ્નેહમિલન સમારંભ યોજાયો - ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે કેશવ હોટેલમાં તલોદ સ્નેહ ગ્રૂપનો ચતુર્થ સ્નેહમિલન સમારંભ ૨૫મી ડિસેમ્બરે યોજાયો હતો. જેમાં ગ્રૂપના સભ્યો પરિવાર સહિત જોડાયા હતા. આ સમારંભમાં દિવસ દરમિયાન વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું અને સભ્યોના અભ્યાસમાં તેજસ્વી બાળકોનું સન્માન કરાયું હતું. આ ઉપરાંત તમામ સભ્યોએ જીવનમાં 'સ્વચ્છતા' અપનાવવાના શપથ પણ લીધા હતા. રમત ગમતના અંતે રાસ ગરબા નૃત્યનો કાર્યક્રમ યોજાયો હતો અને આખરમાં રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમને પૂર્ણ જાહેર કરાયો હતો.

નહેરુ યુવા કેન્દ્રના ઉપક્રમે સેકટર-૧૫ સાંઈ સંકુલ ખાતે સુશાસન ડે (ગુડ ગર્વનન્સ)ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અશોક પટેલ, યુવા દિશા કેન્દ્રનાં સંજીવ મહેતા, ઉદગમ ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. મયુર જોષી, કોર્પોરેટર કાર્તિક પટેલ, પૂર્વ કલેકટર ઈરીશભાઈ વ્હોરા તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાંત સુથારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. અને આમંત્રિતો દ્વારા હાજર રમતવીરો સાથે શપથ લેવડાવવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

વરસોડા સાબરમતી નદીમાંથી બેફામ રેતી ચોરી

ભૂમાફિયા-ખનિજતંત્રની મીલીભગતથી ડુપ્લીકેટ રોયલ્ટી પાસ દ્વારા ૨૪ કલાક ગેરકાયદેસર ભૂખનન : વરસોડા-કુવાદરા રોડ, સુજલામ સુફલામનો પુલ અને ચેકડેમ તોડી ચોરી કરાય છે : રેતીની ડમરીઓથી ઉભા પાકનો સોથ વળી જાય છે : ગ્રામજનોની ઘરણા કરવાની ચિમકી

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં આવેલ વરસોડા ખાતે ભૂમાફિયાઓ દ્વારા રાત દિવસ તેમજ રજાના દિવસો દરમ્યાન પણ બેફામ રીતે કરોડો રૂપિયાની રેતીની ચોરી કરવામાં આવી રહી છે. આ ચોરીને જો સત્વરે અટકાવાશે નહી તો ગ્રામજનો દ્વારા કલેકટર કચેરીએ ઘરણાં કરવામાં આવશે તેવી ચિમકી ગ્રામ વિકાસ રાજપૂત યુવક મંડળ દ્વારા ઉચ્ચારવામાં આવી છે.

વરસોડા ખાતે સાબરમતી નદીમાં રેતીની ચોરી માટે સાત જેસીબી મશીન ગોઠવ્યાં છે જે ચોવીસે કલાક રેતીની ચોરીમાં લાગેલા છે. ખનિજ તંત્રની બેદરકારી અને ડુપ્લીકેટ રોટલ્ટી પાસ દ્વારા વરસોડા ગ્રામ પંચાયતને માત્ર સાડા નવ લાખની રેતી કોકિટની ગ્રાન્ટ સામે ૨૦ લાખ રૂપિયાની કિંમતનો વરસોડા-કુવાદરા રોડ અને ૫૦ લાખ રૂપિયાની કિંમતનો સુજલામ સુફલામ કેનાલનો પુલ તેમજ ૫ લાખની કિંમતના ગાયત્રી ચેકડેમને તોડીને ભૂમાફિયાઓને રેતીની ચોરી માટે રસ્તો બનાવ્યો છે. આ રેતીની ચોરી દરમ્યાન સતત ઉડતી ધૂળની ડમરીઓને કારણે આ વિસ્તારના ઉભા પાકને કરોડોનું નુકશાન થઈ રહ્યુ છે. આ રેતી ચોરી અંગે ભૂસ્તર અધિકારીઓના ચેકિંગ અંગે હમ્મા ખાનારાઓ અગાઉથી ધ્યાન દોરી દેતા હોવાથી માત્ર નાના ટ્રેકટરોવાળાને પકડાવી સંતોષ માની લેવાય છે.

ભૂમાફિયાઓની દાદાગીરીને કારણે કોઈ પણ આમ આદમી જાહેરમાં રજુઆત કરી શકવા સક્ષમ નથી. જો કે આ અંગે તાલુકા-જિલ્લા કક્ષાએ આગેવાનો દ્વારા કરાયેલી રજૂઆતો તેમજ કલેકટર, ભૂસ્તર વિભાગ, જિલ્લા પોલીસના વડા, પોલીસ ઈન્સ્પેકટર અને મામલતદાર સમક્ષ અનેક વાર કરાયેલી રજૂઆતો છતાં કોઈ જ પગલાં લેવાયા નથી અને તંત્ર નિર્ભર નિદ્રામાં ઘોરી રહ્યું છે. આ રેતી ચોરી અંગે જો સત્વરે કાર્યવાહી કે શિક્ષાત્મક પગલાં નહી લેવાય તો વરસોડાના ગ્રામજનો દ્વારા કલેકટર કચેરીએ ધરણાં ધરવામાં આવશે તેવી ગ્રામ વિકાસ રાજપૂત યુવક મંડળ દ્વારા ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ
કંપનીના અધિકૃત
વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

રાત્રિના સમયે ડ્રાઈવર કડંકટરોએ ડેપો બિલ્ડીંગની સફાઈ કરી

સ્વચ્છતા અંગે ચિત્ર સ્પર્ધા યોજાઈ : ૩૦ બાળકોએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૮

શહેરના એસ.ટી.ડેપોમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ડેપોના કર્મચારીઓએ સમગ્ર ડેપો બિલ્ડીંગની સફાઈ કરી હતી. જેમાં ૨૫થી વધુ ડ્રાઈવર કડંકટરો જોડાયા હતા. આ દરમિયાન આજે સ્વચ્છતાના કન્સેપ્ટને અનુલક્ષી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડેપો સ્ટાફના બાળકોએ વૈવિધ્યસભર ચિત્રકલા દર્શાવી હતી.

એસ.ટી. ડેપો દ્વારા સ્વચ્છતા અભિયાનને ધ્યાને લઈ સફાઈ ઝુંબેશ તેમજ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગઈ કાલે રાત્રિ દરમિયાન ડેપોના ડ્રાઈવર કડંકટર સહીતના કર્મચારીઓએ ડેપોના બિલ્ડીંગની સફાઈ કરી હતી. રાત્રિ દરમિયાન ડેપો બિલ્ડીંગમાંથી ગંદકી ઉલેચવામાં આવી હતી જયારે આજે સ્વચ્છતાના વિષય અંગે ડેપોમાં ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસ.ટી. કર્મચારીઓના ૩૦ જેટલા બાળકોએ ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે સ્વચ્છતા અંગે વિવિધ ચિત્રો દોર્યા હતા જયારે ચિત્ર સ્પર્ધાના અંતે વિજેતાઓને ઈનામો એનાયત કરવામાં આવ્યા હતા. મુસાફરોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ કેળવાય તેવા આશયથી ડેપો તંત્ર દ્વારા સંકુલમાં સ્વચ્છતા ઝુંબેશ ઉપરાંત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ડેપો સંકુલમાં નજર નાંખો ત્યાં પાનની પિચકારીઓના દાગ જોવા મળતા હોય છે. આ તબક્કે અગાઉ હાથ ધરાયેલી દંડ વસુલીની પ્રક્રીયા પણ હાથ ધરવા ડેપો મેનેજરે જણાવ્યું હતું.

(તસવીર : ધનંજય જોષી)

ડભોડાના હનુમાન દાદાના મંદિરે ભાજપનું સદસ્યતા અભિયાન

ચિલોડા, તા.૨૮

ગાંધીનગર તાલુકાના ડભોડા ખાતે સુપ્રસિધ્ધ હનુમાનજી મંદિરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા સદસ્યતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અભિયાન અંતર્ગત મંગળવારે અને શનિવારે મોટી સંખ્યામાં દર્શનાર્થે આવેલા ભકતોને ભાજપના પ્રાથમિક સભ્ય બનાવવા કાર્યકરોએ ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં લગભગ ૧૫૦૦થી વધુ દર્શનાર્થીઓએ ભાજપના પ્રાથમિક સભ્ય તરીકે નોંધણી કરાવી હતી.

આ અભિયાનમાં ભાજપના જિલ્લા મહામંત્રી હિતેશભાઈ પટેલ, ભારતીય કિસાન મોરચાના જિલ્લા મહામંત્રી દિલીપભાઈ પટેલ, યુવા મોરચાના પ્રમુખ રાજેશ પટેલ, અગ્રણી પંકજભાઈ પટેલ સહિત અનેક યુવા કાર્યકરોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ અભિયાનમાં દર્શનાર્થીઓને સાથે જોડાઈએ-દેશ બનાવીએ અને એક ભારત-શ્રેષ્ઠ ભારત જેવા સુત્રોથી આકર્ષવા પ્રયત્ન કરાયો હતો. જયારે કાર્યકરોને સંગઠન પર્વ નિમિત્તે સંગઠન એ જ શકિતનો મંત્ર ચરિતાર્થ કરવા પ્રોત્સાહિત કરાયા હતા.

(તસવીર : નટુભાઈ પટેલ)

નિસર્ગ સાયન્સ સેન્ટરે તાલુકાની શાળાઓમાં ઉર્જા બચત જાગૃતિ કાર્યક્રમ હાથ ધર્યો

આ કાર્યક્રમ અંતર્ગત વાવોલ અને વલાદની શાળઓમાં યુથ વર્કશોપ યોજાયા : વિધાર્થીઓને ઉર્જાના સ્ત્રોનો અને બચતનું મહત્ત્વ સમજાવાયું

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરના નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા તાજેતરમાં વાવોલ અને વલાદ ગામની શાળાઓમાં ઉર્જા બચત માટે યુથ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ વર્કશોપ ભારત સરકારની સંસ્થા પેટ્રોલિયમ કન્વર્ઝેશન રીસર્ચ એસોસીએશનના અમદાવાદ એકમના સંયુકત ઉપક્રમે યોજવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં વિધાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો અને ઉર્જા બચત કરવાના શપથ લીધા હતા.

ઉર્જા બચત અંગેના આ યુથ વર્કશોપમાં વિધાર્થીઓને ઉર્જા બચત કેવી રીતે કરી શકાય તેમજ ઉર્જાના સ્ત્રોનો મર્યાદિત ઉપયોગ કરી ભવિષ્ય સુધારવા માટે માર્ગદર્શન અપાયુ હતુ. આ વર્કશોપમાં બાળકોને ઉર્જાના સાધનોની માહિતી તેમજ પવન ઉર્જા, સૂર્ય ઉર્જા જેવાં વૈકલ્પિક સ્ત્રોતોનો ઉપયોગ અંગે પણ સમજ આપવામાં આવી હતી તેમજ પેટ્રોલની બચત અંગે દસ્તાવેજી ફિલ્મ પણ દેખાડવામાં આવી હતી.

આ ઉપરાંત બાળકો માટે ઉર્જા બચત કવીઝ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યુ હતુ અને પ્રથમ ત્રણ વિજેતાઓને ઈનામો પ્રમાણપત્રો દ્વારા સન્માનવામાં પણ આવ્યા હતા.

આ વર્કશોપમાં પેટ્રોલીયમ કન્વર્ઝેશન રીસર્ચ એસોસીએશનના અમદાવાદના ફેકલ્ટી રાજેશ્રી બેન વાર્ષ્ણેય તેમજ નિસર્ગ સાયન્સ સેન્ટરના કો.ઓર્ડિનેટર હાર્દિક મકવાણા ઉપરાંત શાળાના શિક્ષકગણ અને મોટી સંખ્યામાં વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉર્જાના બેફામ વપરાશથી આવનારી પેઢીનું ભાવિ અંધકારમય

વિશ્વભરમાં ઉર્જાનો બેફામ વપરાશ થઈ રહ્યો છે. જેમાં પેટ્રોલ, ખનીજ અને કોલસો જેવા પરંપરાગત ઉર્જા સ્ત્રોનો વપરાશ દિવસેને દિવસે વધી રહ્યો છે. ઉર્જાનો બેફામ દુરુપયોગ અટકાવાશે નહી તો આગામી માત્ર ૨૦ થી ૨૫ વર્ષોમાં ઉર્જાની ગંભીર કટોકટી ઉભી થાય તેમ છે જે માટે આવનારી પેઢીએ ઘણુ સહન કરવાનું આવી શકે છે. ઉર્જા બચત અંગે સમયસર પગલાં લેવા જરૂરી છે અને વિધાર્થી જીવનથી જ તે અંગે જ્ઞાન આપવું આવશ્યક છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૧
સૂર્યાસ્ત : ૬.૦૨

તાપમાન

મહત્તમ : ૨૬.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૧.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૩૦ ટકા

મનોરંજન

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
સ્ક્રીન-૨ :
લિંગા : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૨.૦૦, ૬.૦૦
લિંગા : ૩.૦૦, ૯.૦૦

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૦૦, ૫.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૧૫
નાઈટ એટ ધ મ્યુઝિયમ (ઇંગ્લીશ) : ૨.૦૦, ૪.૦૦, ૬.૦૦, ૮.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
અગલી : ૧.૦૦, ૧૦.૦૦
લિંગા (હિંદી) : ૩.૪૫
મુકુન્દા (તેલુગુ) : ૭.૦૦
: સ્ક્રીન-૫ :
અગલી : ૪.૦૦
લિંગા (હિંદી) : ૬.૩૦
પી.કે. : ૯.૩૦

સિનેમેક્સ

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦
: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦
સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫
સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

આપની આજ

મેષ : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

વૃષભ : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

મિથુન : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

કર્ક : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

સિંહ : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

કન્યા : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

તુલા : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

વૃશ્ચિક : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

ધન : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

મકર : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

કુંભ : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

મીન : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

ચિરવિદાય

● સ્વ. ઠાકોર રામાજી જેહાજી (ઉ.વ.૬૦) મુ. ચાંદીસણા, તા.કલોલ, જી. ગાંધીનગર